# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૬ તા.૨૩-૭-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સંયુક્ત શાળા ગ્રાન્ટની ફાળવણી, વપરાશ અને ઉપયોગ અંગે
સંદર્ભ :- એસ.એસ.એ./પી.એન્ડ એમ./૨૦૧૯/૨૫૨૫૫-૨૯૨ તા.૨૦/૭/૨૦૧૯

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૮-૧૯થી સમગ્ર શિક્ષા કાર્યક્રમ અમલીકરણ થયેલ છે. આ યોજનામાં શાળાઓ માટે વાર્ષિક રીકરીંગ શાળા સંયુક્ત ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે.

આ ગ્રાન્ટ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં બાળકોના નામાંકન આધારિત મંજૂર થયેલ છે.જે ગ્રાન્ટની ઉપયોગમાં પારદર્શિતા હોવી જોઇએ. સામાજિક ઓડિટની જોગવાઇ મુજબ નિયમો પાલન કરીને આ ગ્રાન્ટનો વપરાશ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

ગ્રાન્ટની ફાળવણી વર્ષ ૨૦૧૯-૨૦માં બજેટમાં મંજૂર થયેલ શાળાની સંખ્યા આધારે કુલ ગ્રાન્ટનાં ૨૫% ગ્રાન્ટ હાલ તબકકે ફાળવવામાં આવેલ છે. ગ્રાન્ટ વપરાશ માટે ગત્ વર્ષના પરિપત્ર નં. ૬૮ -A તા.૨૮-૯-૧૮ મુજબ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ ગ્રાન્ટના વપરાશ અંગે સર્વ શિક્ષા અભિયાનના નિતી-નિયમો મુજબ સમયાંતરે થતા ઓડિટ નિયમીત રીતે કરાવવાના રહેશે. જે માટે સર્વ શિક્ષા અભિયાનની નાણાંકિય ગાઇડ લાઇન માટે ગ્રાન્ટ વપરાશ તેના હિસાબો અને તે અન્વયે નિભાવવાના થતા દસ્તાવેજો / રેકર્ડ તથા વપરાશી પ્રમાણપત્ર રાખવાના રહેશે.

તા.૨૩-૦૭-૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૬-A તા.૨૩-૭-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- ઉચ્ચ પ્રાથમિક શાળાઓની કન્યાઓને સ્વ–રક્ષણ તાલીમ આપવા બાબત.
સંદર્ભ :- નં.એસએસએ./ગ.એ./સ્વ.તા./૨૦૧૯/૨૧/૨૪૩૬૮-૪૩૮, તા.૧૦/૦૭/૨૦૧૯

આથી તમામ મ્યુનિસિપલ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે અનુસંધાને જણાવવાનું કે, રાજયની તમામ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કન્યાઓને સ્વ–રક્ષણ તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટેની ગ્રાન્ટ શાળા કક્ષાએ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રૂા.૯,000/-(અંકે રૂપિયા નવ હજાર પુરા) જમા કરવામાં આવેલ છે. જે અંતર્ગત સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સુચનાઓ મુજબ ગ્રાન્ટનો વપરાશ કરવાનો રહેશે.

.

બિડાણ- સંદર્ભિતપત્ર

તા.૨૩-૦૭-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેક્સ: ૦૭૯-૨૩૨૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા અભિયાન

નં. એસએસએ/ગ.એ./સ્વ.તા./૨૦૧૯/૨૧/ ૨૪૩૫૮-૪૩૮ તા.૧૦/૭/૨૦૧૯

સર્વ શિક્ષા અભિયાન
અમદાવાદ મ્યુ. કોર્પો.
આવક નં. 5878
તારીખ. 16/7/19

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા : તમામ
(૨) જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન
જિલ્લા શિક્ષણ સમિતિ
જિલ્લા : તમામ
(૩) એડી. જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરશ્રી અને
શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
મહાનગરપાલિકા : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય : સરકારી માધ્યમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓની કન્યાઓને સ્વ–રક્ષણ તાલીમ આપવા બાબત**
**સંદર્ભ : નોંધ પર માન. એસ.પી.ડી.શ્રીની મળેલ મંજૂરી અન્વયે**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૯–૨૦ માં રાજયની તમામ સરકારી માધ્યમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કન્યાઓને સ્વ–રક્ષણ તાલીમ આપવવાનું આયોજન હોવાથી સ્વ–રક્ષણ તાલીમ અંગેની મંજૂર થયેલ જોગવાઈઓ મુજબ પ્રત્યેક ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાદીઠ ૩ મહિનાના રૂ.૯,૦૦૦/– (પ્રતિ માસ રૂ.૩,૦૦૦/– લેખે) આ સાથે સામેલ જિલ્લાવાર બજેટની મર્યાદામાં ફોર્મેટ–(૧) મુજબની સરકારી માધ્યમિક શાળાઓમાં ધો.–૯ થી ૧૨ ની કન્યાઓને અને ફોર્મેટ–(૨) મુજબ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ધો.–૬, ૭ અને ૮ ની કન્યાઓને સ્વ–રક્ષણ તાલીમ આપવા માટે આપના ધ્વારા સંબંધિતોને નીચે મુજબ આયોજન કરવા સૂચના થવા વિનંતી છે.

(૧) જિલ્લામાં કાર્યરત ઉચ્ચ પ્રાથમિક શાળાઓ અને સરકારી માધ્યમિક શાળાઓની તમામ કન્યાઓને સ્વ–રક્ષણ તાલીમ આપવાનું આયોજન કરીવું.

(૨) જિલ્લા કક્ષાએ સદર કામગીરી માટે એક કમિટિ (ડીપીસીશ્રી/ ડીઈઓશ્રી, મદદનીશ જિલ્લા કો. ઓ. – ગર્લ્સ એજયુકેશન, ૨–બીઆરસી કો. ઓ./૨–સરકારી માધ્યમિક શાળાના આચાર્ય, ૨–સીઆરસી કો. ઓ.) ની રચના કરીએ. જેમાં જિલ્લા કક્ષાએ ડી.એલ.એસ.એસ. (ડીસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સંકુલ) નો સહયોગ મેળવી અથવા સુરક્ષા સેતુ સોસાયટીના સંકલનમાં અથવા જિલ્લા કક્ષાએ કાર્યરત સ્વ–રક્ષણ તાલીમ આપવા માટે રૂચિ ધરાવતી સંસ્થાને નાણાંકીય નિયમોનુંસાર કામગીરી આપવી.

OIC-P&M
16-7-19

(૩) કન્યાઓને કરાટે, જુડો, બેઝીક ડિફેન્સ માટે પંચીંગ, બ્લોકીંગ અને રેસલીંગ જેવી પાયાની સ્વ–રક્ષણ તાલીમ આપવી.

(૪) તાલુકા/જિલ્લા કક્ષાએ થતી આચાર્યોની મિટિંગમાં સદર તાલીમના આગામી આયોજનની ચર્ચા કરવી.

(૫) સદર તાલીમ તમામ શાળાઓમાં ઓગસ્ટ–૨૦૧૯ થી ફેબ્રુઆરી–૨૦૨૦ દરમિયાન કોઈપણ ૩ માસમાં તબકકાવાર (બે તબકકામાં) પૂર્ણ થાય તે પ્રકારનું આયોજન કરવું.

(૬) કોચ (એક્ષપર્ટ) ધ્વારા દરેક કન્યાને તાલીમ પૂર્ણ થયા બાદ સર્ટિફિકેટ અપાવવું. શકય હોય તો શરૂઆતના લેવલ સિધ્ધ કર્યા છે તે માટેના સર્ટિફિકેટ માટેની પરીક્ષાનું પણ આયોજન કરવું.

(૭) કોચ (એક્ષપર્ટ) એ હાજરીપત્રક બનાવી દરેક શાળાની દરેક વિઝીટ સમયે વિઝીટની તારીખ સામે શાળાના આચાર્યના સહી/સિકકા કરાવવા.

(૮) શાળાના આચાર્યનું પ્રમાણપત્ર મળ્યા બાદ એજન્સીને થયેલ ખર્ચનું ચુકવણું કરવું.

(૯) કાર્યક્રમ શરૂ કરતાં પહેલા નાના ઉદઘાટક પ્રસંગનું આયોજન દરેક શાળા/કલસ્ટર/તાલુકા/જિલ્લા કક્ષાએ કરવું જેમાં સ્થાનિક ચુંટાયેલા સભ્યને પણ આમંત્રિત કરી શકાય. જેથી લોકોને પણ સદર તાલીમની જાણ થઈ શકે તથા જિલ્લા/તાલુકા કક્ષાએ થતા અન્ય કાર્યક્રમોમાં પણ આ તાલીમ લીધેલ કન્યાઓનું સન્માન કરી શકાય. તથા આ દીકરીઓને ખેલમહાકુંભમાં પણ ભાગ લેવા પ્રોત્સાહીત કરવી.

(૧૦) ઉપરાંત સ્થાનિક પ્રિન્ટ મિડિયા તેમજ ઈલેકટ્રીક મિડિયાનો ઉપયોગ કરીને પણ સદર કાર્યક્રમનો પ્રચાર પ્રસાર કરી શકાય.

(૧૧) રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએથી સદર તાલીમનું મોનિટરીંગ થાય તે પ્રકારનું આયોજન કરવું.

(૧૨) સદર તાલીમ બાબતે તમામ શાળાકક્ષાએ એક સંકલિત અહેવાલ આલ્બમના સ્વરૂપમાં વર્ષ અને તારીખની વિગતો સાથે રાખવો તેમજ જિલ્લા કક્ષાનો સંકલિત અહેવાલ તૈયાર કરી માર્ચ–૨૦૨૦ સુધીમાં અત્રેની કચેરીને ઈ–મેઈલ ધ્વારા મોકલી આપવો.

જિલ્લાએ સદર હેડ અન્વયે શાળાવાર ગ્રાન્ટ એસ.એમ.સી./એસ.એમ.ડી.સી. માં ફાળવવી. તેમજ આ માટે જરૂરી ગ્રાન્ટ જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ ન હોય તો જિલ્લા એકાઉન્ટ ઓફિસર ધ્વારા અત્રેની હિસાબી શાખામાંથી સદર હેડ અન્વયે જરૂરી ગ્રાન્ટની સમયસર માંગણી કરી લેવી.

**એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર**

<u>બિડાણ</u> : ફોર્મેટ–(૧), (૨) ઈ–મેઈલ ધ્વારા

**<u>સવિનય નકલ રવાના :</u>**

– પી. એ. ટુ માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

**<u>નકલ રવાના જાણ તથા કાર્યવાહી સારૂ :</u>**

– મદદનીશ જિલ્લા કો. ઓ. – ગર્લ્સ એજયુકેશન, જિલ્લા અને કોર્પોરેશન તમામ